માનવતાના આ દેવદૂતે બદલી મનોરોગીઓની દુનિયા...

આપણા દેશમાં ચાર લાખ મનોરોગીઓ રસ્તા પર જોવા મળે છે. ગંદા-ગોબરા, અર્ધપાગલની જેમ ફરતા આ મનોરોગીઓમાંથી હજારો દરદીઓની સેવા-શુશ્રૂષા-સારવાર માટે ડૉ. ભરત વટવાનીને તાજેતરમાં મળ્યો છે રેમન મેગ્સાયસાય એવૉર્ડ.

દેવાંશુ દેસાઈ



ડૉ. ભરત વટવાની

તાજેતરમાં ૨૭ જુલાઈએ ગુરુપૂર્ણિમા હતી. એના બીજા દિવસે ગુરુ-શિષ્યા પરંપરાને ઉજાગર કરતી એક અદ્‌ભુત ઘટના બની.

મુંબઈના બોરીવલીસ્થિત મનોચિકિત્સક ડૉક્ટર ભરત વટવાનીને રસ્તા પર રખડતા અને સમાજ દ્વારા સંપૂર્ણપણે નજરઅંદાજ કરવામાં આવતા મનોરોગીઓની શ્રેષ્ઠ સારવાર માટે, કરુણા અને માનવતાપૂર્ણ કાર્ય માટે એશિયાનો નોબેલ પ્રાઇઝ ગણાતો **રેમન મેગ્સાયસાય** એવૉર્ડ આપવામાં આવ્યો. આવો જ એવૉર્ડ લડાખના સોનમ વાંગચૂકને પણ મળ્યો.

બોરીવલીના ડૉ. ભરત વટવાનીના આ અભૂતપૂર્વ સામાજિક કાર્યના ગુરુ એટલે બાબા આમ્ટે અને એમના પુત્ર પ્રકાશ આમ્ટે. કુષ્ઠરોગીઓની સારવાર માટે જગવિખ્યાત બાબા આમ્ટેને અને પ્રકાશ આમ્ટેને વરસો પૂર્વે રેમન મેગ્સાયસાય એવૉર્ડ મળ્યો હતો. બાબા આમ્ટે વિનોબા ભાવેને ગુરુ માનતા. વિનોબા ભાવેને પણ ચારેક દાયકા પૂર્વે આ એવૉર્ડ મળ્યો હતો. ટૂંકમાં, સતત ચાર્યે ગુરુ-શિષ્યોને દરિદ્રનારાયણોની, સમાજના સૌથી ઉપેક્ષિત લોકોની સારવાર-સંભાળ માટે મેગ્સાયસાય એવૉર્ડ મળ્યો. ડૉ. ભરત વટવાની પોતાના કાર્ય થકી આ પરંપરાનો ચોથો મણકો બન્યા.

ડૉ. ભરત વટવાની અને એમનાં પત્ની ડૉ. સ્મિતા વટવાની બન્ને સાઇકિયાટ્રિસ્ટ છે. છેલ્લાં ત્રીસ વરસથી એમણે મનોચિકિત્સક તરીકેની પ્રેક્ટિસ સાથે સાથે મનોરોગીઓ માટે સેવાનો યજ્ઞ પણ શરૂ કર્યો હતો. સમાજમાં જવલ્લે જ જોવા મળે એવું માનવતાનું આ કાર્ય આ દંપતીએ ૧૯૮૯માં શરૂ કર્યું હતું.

આપણામાંથી તમામ લોકોએ મુંબઈ, દિલ્હી, અમદાવાદ જેવાં મોટાં શહેરોની ગલીમાં, દેશભરના હાઇ-વે પર કે જંગલ-પહાડી વિસ્તાર કે યાત્રાધામોની આસપાસ ગંદા-ગોબરા, મેલા-ઘેલા, અર્ધપાગલ જેવા ભિખારી જોયા હશે. ગટર કે તળાવનું ગંદું પાણી પીતા કે કચરાપેટી ફેંદતા આ લોકો સામે એક ક્ષણ માટે પણ આપણે જોઈ શકતા નથી એટલી ગંદકીમાં એ લોકો સબડતા હોય છે. આમાંથી નવ્વાણું ટકા જન્મજાત ભિખારી હોતા નથી. માનસિક સંતુલન ખોઈ બેઠેલા-પરિવાર દ્વારા તિરસ્કૃત આ લોકો ઘરમાંથી નીકળી જઈને વરસોનાં વરસ દેશભરમાં ફરતા રહે. પરિવારજનો એમને મૃત્યુ પામેલા સમજે. વન-વગડામાં ભટકતા આવા લોકોમાં સામાન્ય નીચલા સ્તરના પરિવારના સભ્યોથી લઈને ગ્રેજ્યુએટ્સ, ડૉક્ટર, સીએ થયેલા મનોરોગીઓ પણ હોય છે. આવા લોકોને રસ્તા પરથી પોતાની સંસ્થામાં લઈ જઈને મહિનાઓ સુધી એમની સારવાર કર્યા બાદ એમની માનસિક હાલત ઠીક થતાં કશ્મીરથી કન્યાકુમારી અને દ્વારકાથી કોલકાતા સુધી દેશભરમાં કોઈ પણ સ્થળે રહેતા પરિવાર સાથે મિલન કરાવવામાં આવે. જે પરિવાર પોતાના સભ્યોને ગુમ થયાનાં વરસો પછી સાજા-નરવા જુએ ત્યારે પ્રેમ, અશ્રુ, વિરહમિલનનાં જે હૃદયગમ્ય દૃશ્યો સર્જાય એની સરખામણીએ સંસારનાં કોઈ સુખ કે ખુશીની કોઈ વિસાત હોતી નથી.

માનવતાને મહેકતી કરતા ડૉ. ભરત વટવાનીની સંસ્થા-કર્મ-હૉસ્પિટલ નામે *શ્રદ્ધા* મુંબઈથી લગભગ સો કિલોમીટર દૂર કર્જત નજીક છે. અમે આ સંસ્થામાં ગયા ત્યારે ડૉ. વટવાનીને અભિનંદન આપતાં દેશ-દુનિયાભરથી ફોન કૉલ્સ આવતા હતા. દેશ-દુનિયાનાં અખબાર, ટીવીચૅનલના પ્રતિનિધિઓ પણ ત્યાં હાજર હતા. આ બધાની વચ્ચે *ચિત્રલેખા* સાથે વાત કરતાં **ડૉ. ભરત વટવાની** કહે છે કે આજથી અઢી-ત્રણ દાયકા પહેલાં અમે આ કાર્ય શરૂ કર્યું ત્યારે સમાજમાં આજના જેવી જાગૃતિ નહોતી. એવા સમયે તમારા *ચિત્રલેખા* સાપ્તાહિકે મારા પર વિશ્વાસ રાખીને સવિસ્તર સ્ટોરી કરી હતી. અવારનવાર લેખ છાપ્યા, જેને

કારણે અમારા આ કાર્યમાં ઘણી મદદ મળી હતી.

ડૉ. ભરત વટવાનીના કામની પ્રશંસા આજે દુનિયાભરમાં થઈ રહી છે, પણ એ ભાગ્યશાળી કે સેવાની આ સફરમાં એમને ડૉક્ટર પત્નીનો સતત સાથ-સહકાર મળ્યો.

પોતાની આ સેવા-સફર વિશે વાત કરતાં ભરત વટવાની કહે છે કે મારો જન્મ સિંધી પરિવારમાં થયો છે. અમે ત્રણ ભાઈ. હું દસેક વરસનો હતો ત્યારે અચાનક પિતાજીનું મૃત્યુ થયું. આર્થિક સ્થિતિ ખૂબ નબળી. એ સમયે સ્કૂલમાં ફુટ્સદના સમયે તત્કાલીન સુપરસ્ટાર રાજેશ ખન્નાના ફોટા વેચીને અમે માતાને ઘર ચલાવવામાં મદદરૂપ થતા. અલબત્ત, ત્રણેય ભાઈ ભણી-ગણીને ડૉક્ટર થયા. ભરત વટવાનીએ *એમબીબીએસ* થયા બાદ સાઇકિયાટ્રી વિષય સાથે *એમડી*ના અભ્યાસ માટે મેડિકલ કૉલેજમાં એડ્‌મિશન લીધું, જ્યાં ઑલરેડી એમનાં પત્ની ડૉ. સ્મિતા વટવાની લેક્ચરર તરીકે સાઇકિયાટ્રી ભણાવતાં હતાં. અભ્યાસ પૂરો થતાં જ પતિ-પત્નીએ ચારેક લાખ રૂપિયાની લોન લઈને પાંચ બેડનું નર્સિંગ હોમ શરૂ કર્યું. ડૉ. વટવાની કહે છે કે આ વાત ૧૯૮૭-૮૮ની. એ સમયે લોકો મનોરોગીને બીમાર વ્યક્તિ ગણવા તૈયાર થતા નહીં. એ સમયે મનોરોગી માટે વિશેષ દવા ઉપલબ્ધ નહોતી.

સાઠ વરસની ઉંમરે પહોંચેલા ભરત વટવાની કહે છે કે ૧૯૮૯નું એ વરસ. એક વાર બોરીવલી નજીક હોટેલમાં પત્ની સાથે ચા પીતો હતો ત્યાં રોડ પર એક મનોરોગીને જોયો, જે ગટરમાં પડેલા તૂટેલા નાળિયેરની મદદથી ગંદું પાણી પીતો હતો. અમે એ જ ઘડીએ એને ઊંચકીને રિક્ષામાં બેસાડીને નવાન્કાર નર્સિંગ હોમમાં લાવ્યાં, જ્યાં એણે ગંદકી કરી. અમે બે મહિના એની સારવાર કરી. માનસિક હાલત ઠીક થયા પછી ખબર પડી કે એ યુવાન *બી.એસસી. પેથોલૉજિસ્ટ* હતો. એ સમયે મોબાઇલ ફોન નહોતા. એણે આપેલા સરનામા પર પત્ર લખ્યો ત્યારે એના પિતા બીજા જ દિવસે લેવા આવ્યા. એના પિતા મહારાષ્ટ્રમાં એક જિલ્લા પરિષદના સુપરિન્ટેન્ડન્ટ હતા. આ સમયગાળામાં ડૉ. વટવાની બોરીવલી-ગોરાઈ વિસ્તારમાં મધર ટેરેસા સંચાલિત *શાંતિદાન*માં મનોરોગી, મંદબુદ્ધિ, અનાથ યુવાનો-બાળકોની સારવાર માટે જતા. *શાંતિદાન*ના મૅનેજરે મધર ટેરેસા સાથે ફોનથી વાત કરીને એમને ભરત વટવાનીની પ્રવૃત્તિથી માહિતગાર કર્યા અને બોરીવલીમાં મનોરોગીઓ માટે અલગથી સેન્ટર શરૂ કરવાની વાતચીત થઈ, પણ વાત આગળ વધી નહીં.

જો કે ડૉ. વટવાની કહે છે કે ત્યાર બાદ તો દર અઠવાડિયે અમે રસ્તા પર ભિખારી અવસ્થામાં ભટકતા મનોરોગીને અમારા નર્સિંગ હોમમાં લાવીને સારવાર શરૂ કરી. એક-બે મહિનાની સારવાર પછી માનસિક હાલત ઠીક થતાં જ ખબર પડતી કે મોટા ભાગના પેશન્ટો સારા પરિવારના ભણેલા-ગણેલા હોય છે. એ સમયે મારી પત્નીના સૂચનથી *શ્રદ્ધા* ચૅરિટેબલ ટ્રસ્ટ રજિસ્ટર કરાવ્યું. *શાંતિદાન*માં એક પેશન્ટ ખૂબ હિંસક હતો. એને લઈ આવીને સારવાર કરી ત્યારે કહ્યું કે હું વાઇફ-પુણે રહું છું. ડૉ. વટવાની મુંબઈથી પુણે મોટરસાઇકલ પર ગયા અને



પશ્ચિમ બંગાળનો આ યુવક મળી આવ્યો ત્યારે આવા હાલ-હવાલ હતા. સેવા-સારવાર પછી આવો અપટુડેટ થઈને ઘેર ગયો.

પરિવારજનો આવીને લઈ ગયા. એકાદ વરસ પછી પેલો પેશન્ટ ડૉ. વટવાનીને મળવા આવ્યો અને કહ્યું કે હવે હું સંપૂર્ણ સ્વસ્થ છું. મારો બિઝનેસ ચાલે છે. તમારા કામમાં ફંડ આપવાની ઇચ્છા છે... ને એ સામેથી એમ્બ્યુલન્સ દાનમાં આપી ગયો!

ડૉ. વટવાની કહે છે કે ત્યારે એક તરફ અમારી પ્રાઇવેટ પ્રેક્ટિસ ચાલુ હતી. બીજી તરફ, દર અઠવાડિયે મનોરોગીને અમે લઈ આવતાં. ત્યાર બાદ મુંબઈનાં વિવિધ પોલીસસ્ટેશનમાંથી રસ્તે રખડતા સ્કિઝોફ્રેનિક પેશન્ટો મોટે ફોન આવતા. આમ અમારું સેવાનું કામ પણ વધતું ગયું.

ડૉ. વટવાની કહે છે: 'અમારું કામ જ એવું હતું કે ડગલે ને પગલે સંઘર્ષ પણ હતો. સમાજ મોટા ભાગે રસ્તે રખડતા મનોરોગીને તિરસ્કૃત નજરે જોતો. તેમ છતાં સાવ અજાણી રીતે મદદ પણ મળતી રહેતી. મારા ક્લિનિકમાં એક સિનિયર સિટિઝન પેશન્ટ હતા. એમના દીકરાને અમારા કામની જાણ હતી એટલે એક દિવસ કહ્યું: *સાહેબ, અમારા એક પ્રોફેસર છે, પણ ભિખારીની દશામાં ભટકે છે. તમે એમને લઈ આવીને સારવાર કરો.* અમે મુંબઈની *જહાંગીર આર્ટ ગૅલરી* નજીકની ગલીમાં પડી રહેતા પ્રોફેસરને એમ્બ્યુલન્સમાં લઈ આવ્યાં. એમને ઠીક કરતાં ચાર-પાંચ મહિના થયા. મુંબઈની પ્રસિદ્ધ *જેજે સ્કૂલ ઑફ આર્ટ્સ*માં એ પ્રોફેસર હતા. સદ્‌નસીબે સંપૂર્ણપણે ઠીક થઈ જતાં એમને ફરી નોકરીએ રખાવવા અમે ડૉક્ટરો મળ્યા એજ્યુકેશન સેક્રેટરીને. એમણે ફરી જેજે *સ્કૂલ ઑફ આર્ટ્સ*માં ભણાવવાનું શરૂ કર્યું. વિદ્યાર્થીઓમાં એ ખૂબ લોકપ્રિય. એમના સ્ટુડન્ટોએ ખુશ થઈને મોટું ફંડ ઊભું કરવા તમામ મદદની ખાતરી આપી. પરિણામે મુંબઈ, દિલ્હી, ચેન્નઈ, કોલકાતા રહેતા મનુ પારેખ, મનજિત બાવા, સુનીલ દાસ, વિકાસ ભટ્ટાચાર્ય જેવા દેશના ટોચના આર્ટિસ્ટોએ *મનોરોગી* વિષયને લઈને પેન્ટિંગ બનાવીને એક્ઝિબિશન રાખ્યું, જેમાં સંસ્થાને સારીએવી રકમ મળી એટલે આવા રસ્તે રખડતા માનસિક બીમાર લોકો માટે દહીંસરમાં ખાસ વીસ બેડની હૉસ્પિટલ શરૂ કરી, પણ શરૂઆતમાં સ્થાનિક લોકોએ ખૂબ વિરોધ કર્યો. વાત હાઈ કોર્ટ સુધી પહોંચી. અમને ખૂબ તકલીફ પડી. થયું: *અમે જે કામ સમાજ માટે કરીએ છીએ એમને પડી નહોતી તો શું કામ આ કામ કરીએ?* એક તબક્કે હૉસ્પિટલ બંધ કરવાનું નક્કી કર્યું. જો કે કોર્ટે અમારી તરફેણમાં ચુકાદો આપ્યો. અમારી કામગીરી જોયા બાદ વિરોધ કરનારા લોકો સામેથી માફી માગી ગયા અને સહકાર આપવા માંડ્યો. દહીંસરમાં હૉસ્પિટલ શરૂ થયા બાદ ડૉ. વટવાની કુલ્લફલેજ મનોરોગીનું કામ જ કરતા. એમની પાસે સોશિયલ વર્કર, એમ્બ્યુલન્સ, નેટવર્ક તૈયાર થયું. મહારાષ્ટ્ર, ગુજરાત, દક્ષિણનાં રાજ્યોની ગવર્નમેન્ટ મેન્ટલ હૉસ્પિટલમાંથી પેશન્ટો આવતા.

૨૦૦૪ની સાલમાં બીજો મોટો ટર્નિંગ પૉઇન્ટ આવ્યો. ડૉ. વટવાની કહે છે કે કામ થતું હતું, પણ પૂરતો સંતોષ નહોતો. એ માટે બાબા આમ્ટેને મળવા ગઢચિરોલી ગયાં. મુંબઈથી લગભગ હજારેક કિલોમીટર દૂર ગઢચિરોલી જતી વખતે સાંજ પડી ગઈ ત્યારે રસ્તામાં લોખંડની સાંકળ વડે બાંધેલા મનોરોગીને જંગલમાં રસ્તાના એક કિનારે જોયો. અમે એને ગાડીમાં બેસાડીને બાબા આમ્ટેના ઘેર ગયાં. અમે પ્રથમ વાર એક મનોરોગીને લઈને ગયાં એટલે થોડો ડર હતો. આ અમારી પ્રથમ મુલાકાત હતી, પણ પ્રકાશ આમ્ટેએ છીણી-હથોડાની મદદથી દોઢ કલાકની મહેનત પછી મનોરોગી ભિખારીના શરીરની બેડીઓ દૂર કરી. રાત્રે બધાં સૂતાં. સવારે ઊઠતાં જ બાબા આમ્ટે કહે છે:

ગઈ કાલે આખી રાત મને ઊંઘ ન આવી. રાતે રડતો રહ્યો. તૂટેલી બેડી પહેરીને મેં ચાલવાની કોશિશ કરી. ભયાનક દર્દ અનુભવ્યું. આપણા દેશમાં આવા ચાર લાખ મનોરોગી રસ્તા પર જાનવર કરતાં બદતર જિંદગી જીવી રહ્યા છે. સમાજને કંઈ પડી નથી. ભરત, હવેથી આ કામને જ તારા જીવનનું સમગ્ર મિશન બનાવ. તું આ કામ શ્રેષ્ઠ રીતે કરી શકશે એવી મને શ્રદ્ધા છે.

બાબા આમ્ટે જેવા મહર્ષિના શબ્દો સાંભળીને ભરત વટવાનીની આંખમાં આંસુ હતાં. થોડી ક્ષણો માટે એ નિઃશબ્દ થઈ ગયા. મુંબઈ આવીને વિશાળ જગ્યાની શોધ શરૂ કરી. અંતે દહીંસરની હૉસ્પિટલ વેચીને કર્જત નજીક પહાડોની વચ્ચે સાડા છ એકરની વિશાળ જગ્યા ખરીદી. દાનવીરોનાં ડોનેશન આવતાં આખરે ૨૦૦૬માં સંસ્થાની ઑફિસ અને એક બિલ્ડિંગ તૈયાર થઈ ગયું.

આજની તારીખે અહીં ઑફિસ ઉપરાંત બે પુરુષ પેશન્ટ માટેના વૉર્ડ, મહિલા-યુવતીઓ માટે બે બિલ્ડિંગ, રસોઈઘર, પ્રાર્થનાલય, ગૌશાળા છે. સંસ્થા પાસે પોતાની પાંચ એમ્બ્યુલન્સ છે. આજની તારીખે અહીં ૭૭ પુરુષ અને ૪૭ મહિલા મનોરોગી

આને ઓળખો છો? મનીષા નામની આ ગુજરાતી મહિલા અહીં સારવાર હેઠળ છે, પણ પોતાનું ઍડ્રેસ કહી શકતી નથી.

દરદી છે. આ તમામ પેશન્ટો મુંબઈ, મહારાષ્ટ્ર કે ગુજરાત, આંધ્ર પ્રદેશ, પંજાબ અને તામિલનાડુ વિસ્તારનાં છે.

ડૉ. ભરત વટવાની કહે છે કે અમે છેલ્લાં પચ્ચીસેક વરસમાં સાડા સાત હજાર રસ્તે રખડતા મનોરોગીને લઈ આવીને સારવાર કરી, જેમાંથી સાત હજાર પેશન્ટોને સારા કરીને એમના પરિવારો સાથે એમનું રિયુનિયન કરાવવામાં સફળ થયાં છીએ. અમે આ ભગીરથ કામ કરવામાં સફળ થઈએ છીએ એમાં મારી ટીમનો ખૂબ મોટો ફાળો છે.

ડૉ. વટવાની કહે છે કે મારી ટીમમાં સચીન મસે, ઈજહાર ઝમાન, ધ્રુવ બેડેકર, ડૉ. નિમેશ મ્હાત્રે, શાહનીર અમીર, ફરજાના જેવાં બાર વરસ જૂનાં સોશિયલ વર્કરો છે. હવેથી આ લોકો જાતે જ પેશન્ટો લઈ આવે. કર્જતથી લઈને મુંબઈ, થાણે, પુણેથી પોલીસવાળા પણ રસ્તે રખડતા મનોરોગી મોકલે. એ ઉપરાંત, ભૂજ, અમદાવાદ, વડોદરા, વગેરે શહેરોની મેન્ટલ હૉસ્પિટલના પેશન્ટો આવે.

કર્જતસ્થિત *શ્રદ્ધા* સંસ્થામાં આજે સરિતા દેશમુખ, મંજુષા પલકુનવાર, નીલા શાહ, પુષ્પા ધુમાળ જેવી મહિલાઓ છે, જે મનોરોગને'લઈને ઘર છોડીને નીકળી ગઈ. મા-બાપ હયાત નથી. સારવાર બાદ સંપૂર્ણ સ્વસ્થ થઈ, પણ હવે પરિણીત સ્ત્રીને પતિ સ્વીકારતો નથી કે અપરિણીતાને ભાઈઓ સ્વીકારતા નથી. આ મહિલા હવે સંસ્થામાં જ રસોઈઘર, સાફસફાઈ, સોશિયલ વર્કર તરીકે સુદ્ધાં કામ કરે છે.

અહીં અમને મનીષા નામની ત્રીસેક વર્ષની ગુજરાતી મહિલા મળી. પોતે ગઢડા-ભાવનગરની હોવાનું એ કહે છે. થાણે-માનખુર્દમાં મામા રહે એવું કહે છે. પતિ-માતા, ભાઈઓ છે, પણ કંઈક અણબનાવ હતો. માનસિક સંતુલન બગડતાં ઘરેથી નીકળી ગઈ. પતિનું નામ નાનજી વિશ્રામ ગોહિલ હોવાનું કહે છે. હજુ એનું સંપૂર્ણ ઍડ્રેસ બતાવી શકતી નથી.

પુરુષ વૉર્ડમાં પણ વીસ-એકવીસ વરસના યુવાનથી લઈને પચાસ-પંચાવન વર્ષના પ્રૌઢ છે. મુંબઈ પોલીસનો ભૂતપૂર્વ કૉન્સ્ટેબલ અહીં છે. હવે એ સ્વસ્થ છે, પણ મા-બાપ નથી. હવે એને ઘેર જવાની ઇચ્છા નથી. એ સંસ્થાના કામમાં જ મદદરૂપ થાય છે. હૈદરાબાદના રસ્તા પરથી મળેલી એક મૂંગી વ્યક્તિ બોલી શકતી નથી. ઍડ્રેસની કોઈ ખબર નથી. સંપૂર્ણ સ્વસ્થ થયા બાદ સંસ્થાનાં તમામ નાનાં-મોટાં કામ કરે છે. હવે એનું વતન-ઘર *શ્રદ્ધા સંસ્થા* જ છે. અહીં રહેતા ૧૨૪ જણની દરેકની પોતાની અલગ અલગ કહાણી છે, પણ દરેકની કહાણી દર્દનાક છે.

*શ્રદ્ધા સંસ્થા*ની-ડૉ. વટવાનીની કામગીરી જોયા પછી થાય કે જો ભરત વટવાની અને એમનાં પત્ની સ્મિતા વટવાનીએ ડૉક્ટર તરીકે માત્ર પોતાની ધીકતી પ્રેક્ટિસ પર ધ્યાન આપ્યું હોત તો સાડા સાત હજાર રસ્તે રખડતા ગંદા-ગોબરા મનોરોગીઓની શું સ્થિતિ થઈ હોત?

જરા વિચારો... આપણે ગામેગામ, ગલીએ ગલીએ મંદિર મસ્જિદ, ચર્ચ બંધાવીએ એના કરતાં દાનવીરો જિલ્લે જિલ્લે *શ્રદ્ધા સંસ્થા* જેવી સંસ્થા બનાવે તો એ કેટલી મોટી માનવસેવા ગણાશે...

તસવીરો: **પ્રકાશ સરમળકર**
feedback2devanshu@chitralekha.com

સૉરી...

*ચિત્રલેખા*ના આ અંકમાં સ્થળસંકોચને લીધે નિયમિત કૉલમ **વ્યાપાર-વિશ્વ** તથા **વિઝાની આજકાલ**નો સમાવેશ થઈ શક્યો નથી. વાચકો દરગુજર કરે. **તંત્રી**